## આવતીકાલનો ઉજાસ



**આકાશ જી પ્રજાપતિ**
**ધોરણ-૧૦**
**આર સી પટેલ હાઈસ્કૂલ**

ભણતર અને ગણતર બંનેમાં અગ્રેસર રહેતો આકાશ એક સારો એવો કરાટેબાજ પણ છે. ઉપરાંત આજોલ ગામ ખાતે સ્કાઉટ ગાઈડના કેમ્પમાં અવલોકન સ્પર્ધામાં દ્વિતિય ક્રમ પર આવી તેણે પ્રમાણપત્ર અને ઈનામ મેળવ્યું છે. રાજકોટ ખાતે કાનઝેન ગોઝુ કરાટે એકેડેમી આયોજિત સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી તેણે શાળાને ગૌરવ અપાવ્યું છે.

પોતાના સમાજમાં પણ ઉત્કૃષ્ટ કામગીરી કરી સિલ્વર મૅડલ અને શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરી છે.

# ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં દાખલા અઘરા લાગ્યા


## ૧૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા : આજે અંગ્રેજી વિષયનું પેપર

ગાંધીનગર, તા. ૧૬

ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં આજથી દ્વીતીય સેમીસ્ટર પરીક્ષાનો પ્રારંભ થયો હતો. પ્રથમ દિવસે ગણિતના પેપરમાં દાખલાઓની રકમ ટ્વીસ્ટ કરીને પુછાતા વિદ્યાર્થીઓએ થોડી મુંઝવણ અનુભવી હતી. એકંદરે ગણિતનું પ્રશ્નપત્ર સરળ કે અઘરૂ નથી પરંતુ સ્ટાન્ડર્ડ હોવાનું તજજ્ઞોએ જણાવ્યું છે.

ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આજથી દ્વિતીય સેમીસ્ટરની લેખિત પરીક્ષાનો પ્રારંભ થયો હતો. જિલ્લામાં ૨૭ બિલ્ડીંગોમાં હાથ ધરાયેલી પરીક્ષાની કાર્યવાહી અન્વયે પ્રથમ દિવસે ગણિતની પરીક્ષામાં ૪૦૭૮ પૈકી ૪૦૬૫ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જ્યારે પરીક્ષામાં ૧૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ગણિતના પ્રશ્નપત્ર સંદર્ભે ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના ચૅરમેન અને વિષય નિષ્ણાત શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે પ્રશ્નપત્રમાં ૨૫ ગુણના દાખલા ટ્વીસ્ટ કરીને પુછાયા છે. જ્યારે આ દાખલા ગણવામાં અમુક વિદ્યાર્થીઓએ મુંઝવણ અનુભવી હતી. જો કે પેપર અઘરૂં નથી. સામાન્ય વિદ્યાર્થીઓને દાખલા ગણવામાં થોડી તકલીફ પડે તે મુજબ દાખલા પુછાયા છે. પરંતુ એકંદરે પ્રશ્નપત્ર અઘરૂ કે સરળ કહી શકાય તેમ ન હતું. ક્રિષ્ના સ્કૂલના નિલેષ પટેલે પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે સમગ્ર પ્રશ્નપત્રમાં માત્ર ૧૧ માર્કના પ્રશ્નો ટ્વીસ્ટ કરીને પૂછાયા હતા, બાકી ટૅકસ્ટ બૂકમાંથી જ પૂછાયા હતા. આમ પ્રશ્નપત્ર એકંદરે સરળ કહી શકાય.



દ્વિતિય સેમીસ્ટરની પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો પર પારદર્શકતા જળવાઈ રહે તે માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા ૨૭ જેટલી સ્થાનિક સ્કવોર્ડની ટીમ બનાવવામાં આવી છે. મંગળવારે અંગ્રેજી વિષયની પરીક્ષા લેવાશે. જિલ્લામાંથી ૫૮૨૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

# યુગનાયક સ્વામી વિવેકાનંદ

**- રજનીકાંત ભટ્ટ**



॥ બીજો મણકો ॥

હવે શ્રીરામકૃષ્ણ દેવે શિષ્ય નરેન્દ્રનાથનું ઘડતર શરૂ કર્યું. તેમણે નરેન્દ્રની અનેક પ્રકારે કસોટી કરી. તો નરેને પણ ગુરુના આધ્યાત્મિક સત્યોને પારખ્યાં. સન ૧૮૮૪માં નરેન્દ્રના પિતાનું અચાનક અવસાન થયું. પિતા અપરિગ્રહી હતા એટલે તેમના જવાથી કુટુંબ દુ:ખ અને અભાવગ્રસ્ત થઈ ગયું. ઘરમાં ખાવાના સાંસા પડવા લાગ્યા. નરેન્દ્રને જીવનમાં અમીરી અને ગરીબી બંનેનો અનુભવ થયો. તે ઈશ્વરના સાકાર અસ્તિત્વને માનતો નહીં. પરંતુ ઘરની ગરીબી અને મુશ્કેલીઓથી છૂટવા સહાયતા માટે તે શ્રીરામકૃષ્ણ પાસે પહોંચી ગયો. ગુરૂ શ્રી રામકૃષ્ણએ કહ્યું, 'મા જગદંબા પાસે હું કોઈ ભૌતિક ચીજવસ્તુ માગી શકતો નથી. તું મા જગદંબા પાસે જે માગવું હોય તે માગી લે. મા તે જરૂર આપશે.'

નરેન્દ્ર રાત્રિના નીબીડ અંધકારમાં મા જગદંબાના મંદિરે આવ્યા અને પ્રાર્થનામાં નિમગ્ન થઈ ગયા. મા પ્રગટ થયાં. નરેન્દ્ર પણ તેના ગુરુની માફક કોઈ ભૌતિક ચીજવસ્તુ જગદંબા પાસે માગી શક્યો નહીં. તેણે માને કહ્યું, 'મા, મને જ્ઞાન, ભક્તિ, વિવેક અને વૈરાગ્ય આપો.' રામકૃષ્ણએ નરેન્દ્રને ત્રણ વખત મા ભવતારિણી પાસે મોકલ્યો. પરંતુ દરેક વખતે નરેન્દ્રએ જ્ઞાન, ભક્તિ, વિવેક અને વૈરાગ્ય જ માગ્યા. આમ નરેન્દ્ર ગુરુની આધ્યાત્મિક કસોટીમાં ઉત્તીર્ણ થયા. અંતે શ્રી રામકૃષ્ણએ નરેન્દ્રને કહ્યું, 'મેં માને પ્રાર્થના કરી છે કે તારા કુટુંબને સદા અન્ન-વસ્ત્રનો અભાવ નહીં રહે.' આ સાંભળીને નરેન્દ્ર પ્રસન્ન થયો.

શ્રી રામકૃષ્મને ગળાના કૅન્સરનો રોગ થયો. રોગ અસાધ્ય હતો. શ્રી રામકૃષ્ણ દેવને અસહ્ય પીડી થતી હતી. નરેન્દ્ર અને અન્ય શિષ્યોએ શ્રી રામકૃષ્ણની સેવા સુશ્રુષા ખૂબ કરી. પરંતુ, શ્રી રામકૃષ્ણ દેવનું દર્દ વધતું જ ગયું. જોકે, આવી અસહ્ય પીડા વચ્ચે પણ શ્રી રામકૃષ્ણ તો શ્રી જગત્માતા કાલીના ભાવમાં જ રહેતા. દાક્તરોએ બોલવાની ના પાડી હોવા છતાં તેઓ સંસારના તાપથી તપ્ત ગૃહસ્થોને સદ્ઉપદેશ આપવાનું ચાલુ રાખતા. તેમના પાસે આવનાર દરેકને જીવન સંજીવની પ્રાપ્ત થતી. તેમના આ ઉપદેશો 'શ્રી કૃષ્ણ કથામૃત' તરીકે ગ્રંથસ્થ થયા છે. તેમજ વિશ્વની બધી જ મુખ્ય ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે. પરમહંસ દેવે ૧૬મી ઑગષ્ટ, ૧૮૮૬ના દિવસે મહાસમાધિમાં પ્રવેશ કર્યો અને શિષ્યોને તેમજ તેમના સહધર્મચારિણી શારદાદેવીને વિલાપ કરતાં ચોડી ગયા. શ્રી રામકૃષ્ણએ મહાસમાધિના ત્રણેક દિવસ પહેલાં નરેન્દ્રમાં પોતાની બધી જ આધ્યાત્મિક શક્તિ આરોપિત કરી દીધી હતી. અને નરેન્દ્રના નેતૃત્વમાં શિષ્યોને ભગવાં વસ્ત્ર ાપી સંન્યસ્ત જીવનમાં દિક્ષિત કર્યા.

**પરિવ્રાજક**

શ્રી રામકૃષ્ણની મહાસમાધિ પછી કલકત્તામાં વરાહનગરમાં એક ભૂતિયા મકાનમાં મઠની સ્થાપના કરવામાં આવી. અહીં શ્રી રામકૃષ્ણ દેવના શિષ્યો મળે ખૂબ કઠોર જીવન જીવવા લાગ્યા. ક્યારેક ખાવાનું મળે તો ક્યારેક ભૂખ્યા પણ રહેવું પડે. આમ, અન્ન-વસ્ત્રના અભાવ વચ્ચે શિષ્યોની આધ્યાત્મિક સાધના નિરંતર ચાલવા લાગી. સન ૧૮૮૮માં નરેન્દ્રએ મઠ છોડીને ભારત ભ્રમણ શરૂ કર્યું. રોમા રોલાના શબ્દોમાં આ એક 'મહાપ્રયાણ' હતું.

સ્વામીજી પોતાની ઓળખ છુપાવવા માટે અનેક નામ ધારણ કરતાં કરતાં ભારત ભ્રમણ કરતા હતા. પરિવ્રાજક તરીકે તેઓએ સમગ્ર ભારતનું પરિભ્રમણ કર્યું અને તે દરમ્યાન તેઓ ભારતનાં અનેક તીર્થસ્થાનો અને ઐતિહાસિક સ્થળોની મુલાકાતે ગયા. પોતાની આંખો વડે સ્વામીજીએ તત્કાલીન ભારતની ગરીબાઈ, નિરક્ષરતા, સામાજિક કુરિવાજો, અંધશ્રદ્ધા, વહેમ જેવી અનેક રાષ્ટ્રીય નબળાઈઓને જોઈ અને અનુભવી. સામાન્ય જનસમુદાયનું શોષણ અને ઉપેક્ષા, સદીઓથી ભૂખમરો વેઠતા અને ભૂખથી મૉતને ભેટતા લોકોને પણ સ્વામીજીએ જોયા.

સ્વામીજી તેમના પરિવ્રાજક જીવન દરમ્યાન ગુજરાતમાં સૌથી વધુ પોરબંદરમાં રોકાયા. તત્કાલીન પોરબંદર સ્ટેટના દિવાન શંકર પાંડુરંગ પંડિતની સમૃદ્ધ લાયબ્રેરી અને તેમની વિદ્વત્તાથી આકર્ષાઈને સ્વામીજી ૪ માસ જેટલો સમય પોરબંદરમાં રહ્યા. તે સમય દરમ્યાન સ્વામીના પાંડિત્યનો પરિચય થતાં દિવાનજીએ વેદના અનુવાદમાં સ્વામીજીની મદદ લીધી હતી. અહીંયા પાણિનીના પાતાંજલ ભાષ્યને પુરું કરવાની તક પણ તેમને મળી. અહીં સ્વામીજીએ ફારસી ભાષા પણ શીખી લીધી. સ્વામીજીની મેધા અને મૌલિક વિચારધારાથી પ્રભાવિત થઈને દિવાનજીએ સ્વામિજીને પશ્ચિમના દેશોમાં જવાનું સૂચન કર્યું. આથી એમ કહી શકાય કે વિશ્વ ધર્મ પરિષદમાં ભાગ લેવા માટે અમેરિકા જવાની પ્રેરણા પણ સ્વામીજીને ગુજરાતમાંથી જ મળી હતી, તે ગુજરાતનું સદ્ભાગ્ય છે. સ્વામીજી તેમના ગુજરાત પરિભ્રમણ દરમ્યાન તત્કાલીન વિદ્વાનો જેવા કે મણીલાલ નભુભાઈ દ્વિવેદી, દિવાન મણીભાઈ દેસાઈ, દિવાન હરિદાસ દેસાઈ, ઝંડુ ભટ્ટ, લાલશંકર ઉમિયાશંકર વગેરેને પણ મળ્યા. આ ઉપરાંત લીમડી, પોરબંદર, ભૂજ વગેરેના તત્કાલીન મહારાજાઓને પણ મળ્યા હતા. (અપૂર્ણ)

# વનશ્રી ટ્રસ્ટ અને વન વિભાગના ઉપક્રમે ૨૨મીએ વિવિધ સ્પર્ધાઓ યોજાશે

## 'ધરતીનાં ઘરેણાં' વિષયે નિબંધ સ્પર્ધા અને 'ધરતી કરે છે પોકાર' વિષયે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગનો ભય ભીષણ રાક્ષસની જેમ ત્રાટકી રહ્યો છે ત્યારે વન વિભાગ અને પ્રકૃતિ પ્રેમી સંસ્થાઓએ માનવજીવન શૈલી બદલવા અને જાગૃતિના અભિયાનો શરૂ કર્યા છે. ૨૨મી એપ્રિલે વિશ્વ ધરતી દિવસના માનમાં ગાંધીનગરના વન વિભાગ અને વનશ્રી ટ્રસ્ટના ઉપક્રમે નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર વન વિભાગ અને વનશ્રી ટ્રસ્ટ દ્વારા તા. ૨૨મી એપ્રિલે ૧૦ થી ૧૪ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓ માટે 'ધરતીના ઘરેણા' વિષય પર નિબંધ સ્પર્ધા અને ૧૫ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓ માટે 'ધરતી કરે છે પોકાર' વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધા પુનિતવન, ગાંધીનગર ખાતે સાંજે ૫ કલાકે યોજાશે. સ્પર્ધાઓ બાદ રાજપુરના બાળકો દ્વારા 'ધરતીને આવ્યો તાવ' વિષય પર નૃત્ય નાટિકા યોજાશે. વિશ્વ ધરતી દિન નિમિત્તે યોજનાર સ્પર્ધાઓમાં ભાગ લેવા માંગતા વિદ્યાર્થીઓએ બોરીજ રેંજ ઓફીસનો ફોન નં. ૨૩૨-૨૩૯૩૬ અથવા અંજના નિમાવતનો મો. નં. ૯૯૯૮૮૧૦૭૧૯ પર સંપર્ક કરવો.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડની જાહેરાત કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૬

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨નો ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ જાહેર કરવામાં આવ્યો છે. વલ્લભવિદ્યાનગરના ડૉ. રમેશકુમાર હરદાસભાઈ મકવાણાને વર્ષ ૨૦૧૧-૧૧નો તથા રાજકોટ જિલ્લાના બાંદરાના શ્રી ગોરધનબાપુ ભલારામબાપા મકવાણાને વર્ષ ૨૦૧૧-૧૨નો ડૉ. આંબેડકર એવોર્ડ અપાશે. જેમાં રૂ. એક લાખ અને પ્રશસ્તિ પત્ર અપાશે. મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાના અધ્યક્ષસ્થાને તાજેતરમાં મળેલી પસંદગી નિર્ણાયક સમિતિની બેઠકમાં આ નિર્ણય કરી તેની જાહેરાત કરાઈ છે.



આંબેડકર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૨નો સૅક્ટર-૧૫ વિનયન કૉલેજ ગ્રાઉન્ડ ખાતે સોમવારથી આરંભ કરવામાં આવ્યો છે. ટુર્નામેન્ટ ૨૦ એપ્રિલ સુધી ચાલશે.

# સૅક્ટર-૧૩ આદર્શ નિવાસી કન્યા શાળામાં આંબેડકર જયંતિ નિમિત્તે સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સેક્ટર-૧૩માં આવેલી આદર્શ નિવાસી અનુસૂચિત જાતિ કન્યા શાળામાં ૧૩મી એપ્રિલના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિના પૂર્વ દિને વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો.

આદર્શ નિવાસી શાળા (અ.જા./કન્યા) સેક્ટર-૧૩ ગાંધીનગર ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૧મી જન્મ જયંતિ નિમિત્તે શાળામાં ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા નિબંધ સ્પર્ધા અને ડૉ. બાબાસાહેબના જીવન પર આધારિત ગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. ગીત સ્પર્ધામાં પ્રથમ નંબર દુલેરા અરૂણા બીજો નંબર પરમાર પૂજા તથા વક્તૃત્વ સ્પર્ધામાં પરમાર પૂજા અને ડોરિયા જયાએ બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. ચિત્ર સ્પર્ધામાં સોલંકી પ્રિયા પ્રથમ, પરમાર પારૂલ તથા ડોબરીયા ઉર્વિશા બંનેએ બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. ત્રીજો નંબર અસારી પુનમે પ્રાપ્ત કર્યો હતો. નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબર ઠુમર બંસી અને બીજા નંબરે ડોબરીયા ઉર્વિશા તથા સોલંકી હિરલ આવી હતી ત્રીજો નંબર રાઠોડ અંજલીએ પ્રાપ્ત કર્યો હતો. વાલી મંડળ હાજર હોવાથી તેમના હસ્તકે સર્વે નંબર પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીનીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાળાના કર્મચારીગણના સહયોગથી સફળ થયો હતો.

# આર્ટ ઓફ લીવીંગના પાર્ટ-૨ કોર્સનો ૨૬મીથી પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૧૬

પરમ પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થા દ્વારા ઘણા વર્ષો પછી ગાંધીનગર ખાતે જે લોકોએ આર્ટ ઓફ લીવીંગ પાર્ટ-૧ (બેઝીક) કોર્ષ કરેલ હોઈ ફક્ત તેમનાં માટે બિન આવાસીય આર્ટ ઓફ લીવીંગ પાર્ટ-૨ (એડવાન્સ) કોર્ષનું આયોજન સેજલદીદી તથા મેઘલભૈયાના સાંનિધ્યમાં તારીખ ૨૬ એપ્રિલ ૨૦૧૨ થી ૨૯ એપ્રિલ ૨૦૧૨ સુધી સવારે ૬ થી રાતનાં ૯ કલાક દરમિયાન બલરામ ભવન, સેક્ટર-૧૨ ખાતે યોજવામાં આવેલ છે. શિબિરમાં સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, ગહન મૌન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવશે. શિબિર થકી તનાવમુક્તિ, આત્મવિશ્વાસ, યાદશક્તિ, ગ્રહણશક્તિ, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વક્તૃત્વ શક્તિ ખીલે છે. આ શિબિરમાં જોડાવા માટે ઈચ્છુકોએ સ્થળ પર અથવા મો.નં. ૯૪૨૬૩૦૦૩૦૩, ૯૪૨૮૫૯૫૯૬૧, ૯૯૦૯૯૮૦૮૪૮ પર અથવા કોઈ પણ આર્ટ ઓફ લીવીંગના પ્રશિક્ષક અથવા સ્વયંસેવકનો સંપર્ક કરવો.

# સીતારામ ઝીંદાલ ફાઉન્ડેશન દ્વારા દેશના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે આમંત્રણ

ગાંધીનગર, તા. ૧૬

સીતારામ ઝીંદાલ ફાઉન્ડેશન દ્વારા દેશભરના વિદ્યાર્થીઓ અને ખાસ કરીને નબળા વર્ગના વિદ્યાર્થીઓને www.sitaramzindilfoundation.org મારફતે શિષ્યવૃત્તિ માટે આમંત્રણ પાઠવ્યું છે.

ઉલ્લેખનીય છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧માં ફાઉન્ડેશને કુલ રૂપિયા ૨.૫ કરોડની શિષ્યવૃત્તિનું વિતરણ કર્યું હતું.

૧૩૫૯ શાળાઓ, કૉલેજો અને આઈટીઆઈના ૧૦ હજારથી વધુ જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓએ આ શિષ્યવૃત્તિનો લાભ લીધો હતો.

# ઉનાળો આવ્યો, અવનવી શિબિરોની મૉસમ લાવ્યો

## વિસ્તારની દ્રષ્ટિએ રાજ્યના કોઈપણ શહેર કરતાં ગાંધીનગરમાં ઉનાળુ તાલીમ શિબિરો સૌથી વધુ સંખ્યામાં યોજાય છે

**જાણવા જેવી વાત**
**- કુંતલ નિમાવત**

'ઓ હો હો હો હો હો... શું વાત કરો છો ગોરી !' સ્વ. રમેશ મહેતાના અંદાજમાં બોલાયેલા આ શબ્દોનો અહીં ઉલ્લેખ ગાંધીનગરમાં ઉનાળુ વૅકેશન દરમ્યાન થતી શિબિરોના સંદર્ભમાં કર્યો છે.

ઉનાળુ વૅકેશન દરમ્યાન વિવિધ પ્રકારની શિબિરોનો ચાલ આપણે ત્યાં નવો નથી. દર વર્ષે આપણે ત્યાં વિવિધ સંસ્થાઓ વિવિધ પ્રકારના શિબિરો કરે છે અને સૌના સદ્નસીબે ગાંધીનગરમાં આવા શિબિરો ચાલે છે પણ સરસ. વિસ્તારની દ્રષ્ટિએ રાજ્યના કોઈપણ શહેર કરતાં ગાંધીનગરમાં આવી ઉનાળુ તાલીમ શિબિરો સૌથી વધુ સંખ્યામાં યોજાય છે.

ત્રણ દિવસથી માંડીને એક માસ સુધીનો સમયગાળો અને નિ:શુલ્કથી માંડીને ૧૫૦૦ રૂપિયા સુધીનું શુલ્ક ધરાવતા આવા શિબિરો ગાંધીનગર શહેરમાં વર્ષોથી યોજાય છે અને અનેક તાલીમાર્થીઓને તેમના દ્વારા તાલીમ તથા મનોરંજન ઉપરાંત વૅકેશનનો સદુપયોગ કરવાની તક મળી રહે છે.

આ સમયગાળામાં થતી શિબિરોની સંખ્યા જોઈને ભલે વિવેચકો એમ કહે કે, 'વૅકેશનમાં થતી શિબિરોનો થાક ઉતારવા માટે એક શિબિર રાખવી પડે એટલી શિબિરો ગાંધીનગરમાં થાય છે,' પણ હકીકત એ છે કે અનેક તાલીમાર્થીઓએ આ શિબિરોના માધ્યમથી પોતાનો વિકાસ કર્યો છે ને અનેકે અનેક કલાઓ પ્રત્યે અભિરૂચિ સાધી છે.

આ વખતે જે શિબિરો યોજાઈ રહી છે તેમાં સૌપ્રથમ સ્પૉર્ટ્સની શિબિરોની વાત કરીએ. સૅક્રેટરીએટ જીમખાના, સૅક્ટર-૨૧ ખાતે અને સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે વિવિધ રમતોની તાલીમ દર વખતની જેમ આ વખતે પણ યોજાઈ રહી છે. જેમાં ક્રિકેટથી માંડીને ફૂટબૉલ સુધીની વિવિધ રમતોની તાલીમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કલાવિષયક તાલીમ શિબિરની વાત કરીએ તો સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત લલિતકલા ઍકેડેમી : સૅક્ટર-૨૩, સ્કૂલ ઑફ ઍચીવર : કુડાસણ, ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ : રાંધેજા, કલરવ સંસ્થા : સૅન્ટ ઝેવિયર્સ, નૃત્યશ્રી કલાવૃંદ : સૅક્ટર-૨૭, બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી : સૅક્ટર-૧૬ અને આત્મન્ ફાઉન્ડેશન : સૅક્ટર-૨ દ્વારા આ વખતે પોતાના તરફથી શિબિરોનાં આયોજન કરવામાં આવ્યાં છે.

લલિતકલા ઍકેડેમી ખાતે ડાન્સ, નાટક, તબલા વાદન વગેરેની સાથે કરાટે અને સ્કેટીંગ જેવી રમતો માટે પણ વૅકેશન શિબિરની જાહેરાત કરાઈ છે. ૧૬ એપ્રિલથી શરૂ કરીને એક-એક માસના બે શિબિરની જાહેરાત કરવામાં આવી છે અને પહેલા શિબિરનો આરંભ થઈ પણ ગયો છે. તાલીમાર્થીઓને સપ્તાહમાં ત્રણ દિવસ એક-એક કલાક માટે તાલીમ માટે આવવાનું રહેશે, એમ જણાવાયું છે.

શ્રી ઍસ ઍસ પટેલ ઍજ્યુકેશન ઍન્ડ ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્કૂલ ઑફ ઍચીવર, કુડાસણ ખાતે નિ:શુલ્કપણે સમર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૬થી ૨૮ એપ્રિલ દરમ્યાન યોજાઈ રહેલા આ સમર કૅમ્પમાં લૉન ટેનીસ, ટેબલ ટેનીસ, સ્કેટીંગ, ચૅસ, કૅરમ, ઍર રાઈફલ શૂટીંગ, યોગા, કરાટે ઉપરાંત કૅલિગ્રાફી, ડ્રાઈંગ, નાટ્ય અને ડાન્સની તાલીમ તાલીમાર્થીઓને આપવામાં આવશે.

વિવિધ રમતો અને કલા વિષયક તાલીમ ઉપરાંત વિદ્યાર્થીને પોતાની પસંદગીની પ્રવૃત્તિ માટે પણ એક કલાક ફાળવવામાં આવશે.

વિવિધ શાળાઓના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ કૅમ્પમાં ભાગ લઈ રહ્યા છે. સંસ્થા દ્વારા શિબિરાર્થીઓ માટે ફ્રી ટ્રાન્સપૉર્ટેશનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા હૉર્સ રાઈડીંગ, સ્વીમિંગ, ટેબલ ટૅનિસ, ક્રિકેટ, બાસ્કેટ બૉલ, ડાન્સ માટે ૧૭ એપ્રિલથી ૨૨ એપ્રિલ દરમ્યાન શિબિર આયોજિત કરાયો છે. સમય સવારના ૯થી બપોરના ૧૨ દરમ્યાનનો રાખવામાં આવ્યો છે.

કલરવ સંસ્થાનું નામ બાલોત્સવ નામક શિબિર માટે જાણીતું છે. સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સૅક્ટર-૮ ખાતે સંસ્થા ૩૦ એપ્રિલથી ૧૨ મે દરમ્યાન ૧૦ જેટલી રંગમંચલક્ષી કલાઓની તાલીમ માટે શિબિર યોજી રહી છે. શિબિર માટે શુલ્ક રૂા. ૧૫૦ નિયત કરવામાં આવ્યું છે.

નૃત્યશ્રી કલાવૃંદ દ્વારા રાજસ્થાની લોકનૃત્ય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી દ્વારા વેસ્ટર્ન ડાન્સ, ફોક ડાન્સ અને ઍકટીંગના એક માસના તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તાલીમાર્થીને પ્રત્યેક પ્રવૃત્તિ માટે દરરોજ એક કલાક તાલીમ આપવામાં આપવાનું નિયત કરાયું છે.

આત્મન્ ફાઉન્ડેશન દ્વારા

છેલ્લાં ૧૫ વર્ષથી નિયમિત રીતે વેકેશનમાં બાળકો માટે આત્મન્ અભિવ્યકિત બાળશિબિર યોજવામાં આવે છે. બાળકોને જ્ઞાન સાથે ગમ્મતની વિવિધ પ્રવૃત્તિઓ આ શિબિરમાં કરાવવામાં આવે છે. વળી તદન કુદરતી વાતાવરણમાં જ તે યોજવામાં આવે છે.

આ વર્ષે તા. ૨૨, ૨૩, ૨૪ એપ્રિલ ૨૦૧૨ (રવિ, સોમ, મંગળ) ત્રણ દવસ માટે આ શિબિર શ્રી જવાહરલાલ નહેરુ સરકારી વનૌષધિ ઉદ્યાન, સેક્ટર-૧૯ પાસે, ગાંધીનગર ખાતે યોજાશે. શિબિરનો સમય સવારના ૯.૩૦થી સાંજના ૬.૧૫નો રહેશે. ધોરણ-૧ થી ૯નાં બાળકો શિબિરમાં ભાગ લઈ શકશે.

ત્રિદિવસીય આ શિબિરમાં બાળકોને બ્રિધિંગ એકસરસાઈઝ, બાળગીત, ચિત્રકામ, ક્રાફટ, અભિનય-નાટક, નૃત્ય, રમત ગમત, જાદુ વિજ્ઞાનના પ્રયોગો, વાર્તા વગેરે પ્રવૃત્તિઓ કરાવાશે.

બાળકો માટેનો શિબિર તા. ૨૨થી ૨૪ એપ્રિલ દરમ્યાન નહેરુ પ્રકૃતિ ઉદ્યાન, સર્કીટ હાઉસની પાછળ, સૅક્ટર-૧૯ ખાતે યોજાશે. શિબિરમાં નાટક, નૃત્ય, ક્રાફટ, વિજ્ઞાનના પ્રયોગો, વાર્તાઓ, ગીતો એમ ઘણું બધું વિદ્યાર્થીઓને જાણવા-માણવા-શીખવા મળે એવું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

શિબિરની બે વિશેષતાઓ છે : પહેલી એ કે આ શિબિર હંમેશા કુદરતના ખૉળે જ યોજાય છે અને બીજી એ કે આ શિબિરનો સમયગાળો આખા દિવસનો હોય છે. શિબિરાર્થીઓને નાસ્તાથી માંડીને ભોજન પણ શિબિર અંતર્ગત જ આપવામાં આવે છે. આમ સાથે શીખવા ઉપરાંત સાથે ભોજનનો આનંદ પણ તાલીમાર્થીઓ આ શિબિરના માધ્યમથી માણે છે.

ગાંધીનગરના સૅક્ટર-૨૨ ખાતે કાર્યરત સરકારી પ્રાથમિક શાળા અને સૅક્ટર-૭માં સ્થિત બગીચા ખાતે તા. ૧૭ એપ્રિલથી ૨૧ એપ્રિલ દરમ્યાન નિ:શુલ્ક ટેક્વોન ડો તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ વિદ્યાર્થીઓ લઈ શકશે.

બાળકો, યુવાનો અને દરેક ઉંમરના ભાઈ-બહેનો પોતાનો સ્વબચાવ કરી શકે અને પોતાનામાં રહેલી આંતરિક તેમજ બાહ્ય શક્તિનો વિકાસ કરી શકે તે હેતુસર ગાંધીનગર ડિસ્ટ્રીક ટેક્વોન ડો ઍસોસિએશન દ્વારા આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સૅક્ટર-૭ ખાતે સવારે ૭થી ૮ અને સૅક્ટર-૨૨ ખાતે સાંજે ૬થી ૭ દરમ્યાન તાલીમાર્થીઓને આ તાલીમ આપવામાં આવશે.

